દ્વિતીય આવૃતિ

# વિદ્યાધામ

# E-MAGAZINE



या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना।
या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्देवैः सदा वन्दिता सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा ॥


## SHRI V. J. MODHA COLLEGE

BCA, B.Sc., BBA, B.Com, BSW,
M.Sc.(IT), M.Sc.(Che.), M.Com.
(Affiliated To Bhakta Kavi Narsinh Mehta University)

College Code: 4102008

9978818009 /vjmodhacollege

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | તંત્રીલેખ | ૦૧ |
| ૦૨ | કોલેજનો પરિચય | ૦૨ |
| ૦૩ | સંપાદકિય મંડળ | ૦૩ |
| ૦૪ | પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી તથા આચાર્યશ્રીનો સંદેશો | ૦૪ |
| ૦૫ | ગુરુજીની કલમ | ૦૬ |
| ૦૬ | વિદ્યાર્થીઓનો કલરવ | ૦૯ |
| ૦૭ | ગમ્મતનો ગુલાલ | ૨૪ |
| ૦૮ | નિષ્ણાંતોની વાતો | ૨૫ |
| ૦૯ | કોલેજની મુખ્ય પ્રવૃતિઓ | ૨૯ |
| ૧૦ | પ્રવૃતારોહણ | ૩૧ |
| ૧૧ | કોલેજનું ગૌરવ | ૩૩ |

# તંત્રી લેખ

E-Magazine ની પ્રથમ આવૃતિની ભવ્ય સફળતા બાદ દ્વિતીય આવૃતિ આપની સમક્ષ રજૂ કરતાં અમને હર્ષની લાગણી અનુભવાઈ રહી છે. “વિદ્યાધામ એટલે સંસ્કાર, સંસ્કૃતિ અને કળાનો સમન્વય”.

“વિદ્યાધામ E-Magazine” વિદ્યાર્થીઓ તેમજ સમયના બદલાવની સાથે અમારા સ્ટાફગણોની અધતન શિક્ષણ પદ્ધતિના સથવારે, એક નવો જ અહેસાસ અને વિચાર આપની સમક્ષ રજૂ કરીએ છીએ. **E-Magazine** ની દ્વિતીય આવૃતિ સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓની અવનવી કળાને રજૂ કરે છે જેથી વિદ્યાર્થીઓને તેમની શૈલીને જાણવાનો અને સમજવાનો એક પ્રેરણાત્મક સ્રોત પૂરો પાડે છે.

વિદ્યાની સાથે ગમ્મત હોવી એ તો અનિવાર્ય જ છે, જેથી કોરોના જેવી મહામારીમાં પણ વિદ્યાર્થીઓની વિચારશક્તિને જાગૃત કરી શકાય. તેના માટે આ Magazine નું દરેક પેજ આપના માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

# કોલેજનો પરિચય

## તમારી સફળતા એ જ અમારો વારસો

શ્રી વી. જે. મોઢા એજ્યુકેશનલ અને ચેરીટેબલ ટ્રસ્ટ, પોરબંદર દ્વારા વર્ષ ૨૦૦૭ માં શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી કે જે કોઈ પણ જાતી કે ધર્મનો ભેદભાવ રાખ્યા વગર દરેક વિદ્યાર્થીઓના જીવનઘડતરનો માર્ગ ખોલે છે તેમજ નમ્ર અને વ્યવહાર તરફ વિદ્યાર્થીઓના ઉછેર કરે છે, વર્ષ ૨૦૦૭માં BCA શાખામાં ૪૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ જે સંસ્થા આજે ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું વટવૃક્ષ બનતું જાય છે.

સમયના સથવારે બધુ જ બદલતું જાય છે અને તેને અનુરૂપ અમારી કોલેજ તથા તમામ સ્ટાફગણ તેની સાથે પુરતું જ્ઞાન મેળવી અને પોતાનામાં વિકાસ સાધતાં રહે છે.જેથી વિદ્યાર્થીઓ પણ આ આધુનિક સમય સાથે પોતાની જાતને સારી રીતે કંડારી શકે. " વિદ્યાધામ" રૂપી કોલેજમાં વિદ્યાર્થીઓ વિદ્યાનું જ્ઞાન મેળવવાની સાથે વિનયી પણ બને તેના પર પણ ધ્યાન દેવાય છે.

**અમારા હેતુઓઃ**

- ઉચ્ચશિક્ષણમાં શિક્ષણ અને સંશોધનને મહત્વતા આપીને શ્રેષ્ઠતાનું કેન્દ્ર બનાવવા કાર્યરત છે.
- વિદ્યાર્થીઓને વૈશ્વિકસ્તરે પોતાનું કૌશલ્ય રજુ કરી શકે તેવા સક્ષમ બનાવવા જેથી તેઓ આજના યુગ સાથે તાલ મેળવી શકે.
- વિદ્યાર્થીઓના ધ્યેયની ઉડાન માટે હંમેશા તાલ મેળવી તેમજ તેઓની સુશુપ્ત શકિતઓને બહાર લાવવી
- વિદ્યાર્થીઓ પોતાના પરિવાર, સમાજ અને દેશની ફરજ સારી રીતે નિભાવી શકે તે માટે જ્ઞાન તેમજ સંસ્કારોનું યોગ્ય રીતે સિંચન કરવું.

ઉપરોક્ત ધ્યેયો અને હેતુઓથી જ અમારી કોલેજ વર્ષ ૨૦૦૭માં BCA શાખાની સાથે PGDCA, ત્યાર બાદ ઉત્તરોતર વર્ષ ૨૦૧૧માં M.Sc.(IT), વર્ષ ૨૦૧૨માં BBA / B.Com / BSW, વર્ષ ૨૦૧૩ માં B.Sc, વર્ષ ૨૦૧૭માં M.Com / M.Sc. (Chem) ની શરૂઆત કરવામાં આવી. આમ વિવિધ વિદ્યાશાખાઓથી આ વૃક્ષ આજે ઘટાદાર બની ગયેલ છે અને શિક્ષણ ક્ષેત્રે પોતાનો છાયડો પાથરી રહયું છે. આવનારા ભવિષ્યમાં પણ વિદ્યાર્થીલક્ષી કાર્યો કરતાં રહીશું અને તેમને સફળતાના શિખરો સર કરાવતા રહેશું.

વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસ કરી પોતાની કારકિર્દીલક્ષી બને તેવા ઉદ્દેશથી વર્ષ ૨૦૧૨ માં Placement Cell ની પણ શરૂઆત કરેલ જે પ્રવૃતિ દ્વારા આજ સુધી ઘણા વિદ્યાર્થીઓને અભ્યાસ બાદની કારકિર્દી વિશે માહિતી અને રોજગારી મેળવવામાં મદદરૂપ થાય છે.

**– શ્રી વિશાલભાઈ પંડયા**
એકેડેમીક હેડ

# સંપાદકીય મંડળ

## મુખ્ય સંપાદક



**શ્રી પરેશ સવજાણી**
ઇ/ચા. આચાર્યશ્રી,
શ્રી વિ.જે. મોઢા કોલેજ



**શ્રી વિશાલ પંડ્યા**
એકેડેમિક હેડ,
શ્રી વિ.જે. મોઢા કોલેજ

## વ્યવસ્થાપક તંત્રી



**શ્રી મિત રાવલ**
અધ્યાપકશ્રી,
શ્રી વિ.જે. મોઢા કોલેજ

## આલેખનકાર



**શ્રી રુદ્ર કોટિયા**
ટેક્નિશિયન,
શ્રી વિ.જે. મોઢા કોલેજ

## સંપાદક



**શ્રી હુઝેફ ડોર**
અધ્યાપકશ્રી,
શ્રી વિ.જે. મોઢા કોલેજ



**શ્રી વિરલ ચાવડા**
અધ્યાપકશ્રી,
શ્રી વિ.જે. મોઢા કોલેજ

## લેખન અને તથ્ય તપાસક




**શ્રી નિધિ કોટેચા**
અધ્યાપકશ્રી,
શ્રી વિ.જે. મોઢા કોલેજ



**શ્રી અશ્વિની સોનિગ્રા**
અધ્યાપકશ્રી,
શ્રી વિ.જે. મોઢા કોલેજ

## માનનીય પ્રમુખશ્રીના આશીર્વચન



નમસ્કાર,

જીવનના દરેક તબક્કે આપણને કોઈને કોઈ સીખ મળતી હોય છે, અવનવા અનુભવો થતાં હોય છે. આ દરેક તબક્કે ક્યાંક જ્ઞાન, ક્યાંક કળા તો વળી ક્યાંક સમજણનો પ્રયોગ કરવો જરૂરી બનતો હોય છે. એક કહેવત પ્રમાણે વિદ્યાર્થીને જેમ વાળો તેમ વળે, આજના વિદ્યાર્થીઓ આવતી કાલનું ભવિષ્ય છે, અને આ દેશના ભવિષ્યને ઉજળું બનાવવા માટે અમારી કોલેજ શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી સતત સફળ પ્રયત્નો કરતી આવી છે અને આવનારા સમયમાં પણ પુરુષાર્થ કરીને ઉત્તમ પરિણામો આપશે એ વિશ્વાસ સાથે તેમજ ગુણવતા યુક્ત શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં એક ક્રાંતિ સાબિત થાય અને દરેક વિદ્યાર્થી ઊંચા ગગનને સ્પર્શ કરે અને પોતાની કારકિર્દીને સફળ રીતે ઘડે,એવા મારા આશીર્વાદ હંમેશા તેમની સાથે જ છે.

**- શ્રી વલ્લભભાઈ જે. મોઢા**

## માનનીય ટ્રસ્ટીઓનો સંદેશો



સર્વે ટ્રસ્ટીગણ વતી,
- શ્રી નરેન્દ્રસિંહ પી. ગોહિલ

નમસ્કાર,

આ યુગ પરિવર્તનનો યુગ છે. દરેક ક્ષેત્રે પરિવર્તન આવશ્યક છે અને તેને અપનાવવું એ આપણી ફરજ છે. શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પણ પરિવર્તનને સ્વીકારે છે અને વિદ્યાર્થીઓને સતત કશુંક નવું જ અને હેતુલક્ષી આપવાનો પ્રયત્ન કરે છે. આ સંસ્થામાં શિક્ષકો વિદ્યાર્થીઓના માર્ગદર્શક મિત્ર તરીકે વર્તે છે, જેથી દરેક વિદ્યાર્થી એક પોતાનાપણું અનુભવી શકે. વિદ્યાર્થીઓને સમાજમાં આદર્શ નાગરિક બનાવવા માટે શિક્ષકોનો સૌથી વધુ ફાળો હોય છે. વિધાર્થીઓમાં જીવનના મૂલ્યો, જ્ઞાન, સમજણ અને સારી આદતોનું નિર્માણ હંમેશા થતું રહે તેવા શુભ આશયથી અમો હંમેશા તત્પર રહીએ છીએ.

## પ્રિન્સિપાલશ્રીના પ્રેરણાદાયક શબ્દો



નમસ્કાર,

વિદ્યાર્થીના જીવનનું સૌથી મહત્વનું અંગ એટલે પરીક્ષા. કોઈ પણ શાળા કે કોલેજમાં ફક્ત વિદ્યાર્થીઓને લેખિત કે મૌખિક પરીક્ષા માટે તૈયાર કરવામાં આવે તે પૂરતું નથી. આજનો વિદ્યાર્થી એ આવતી કાલનું ભવિષ્ય છે, માટે આ સંસ્થા વિદ્યાર્થીના જીવન ઘડતરમાં માત્ર લેખિત કે મૌખિક જ નહીં, પણ સાથે સાથે જીવનના ઘણાં તબક્કાઓમાં આપવી પડતી પરીક્ષાઓ માટે તેમને તૈયાર કરે છે. આ જીવનલક્ષી પરિક્ષામાં પોતાનું બેસ્ટ પરફોર્મન્સ કઈ રીતે આપવું તે શીખવે છે, અને વિદ્યાર્થીઓ પણ ઉત્સાહ સાથે આવી અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે જેનો એક આચાર્ય તરીકે મને ગર્વ છે. આવી જ એક પ્રવૃત્તિ એટલે સંસ્થાનું આ સામાયિક એ વિદ્યાર્થીઓની અંદર રહેલા ટેલેન્ટને બહાર લાવવાનું અને યોગ્ય રીતે તેણે રજૂ કરવાનું એક પ્લેટફોર્મ છે, જ્યાં વિદ્યાર્થીઓ પોતાના મૌલિક વિચારો રજૂ કરી શકે છે, સાંકેતિક ચિત્રો, જે આપણને કશું સમજાવે છે તે અને આવી અનેક પ્રવૃત્તિ આ માધ્યમ દ્વારા થાય છે તેનો આનંદ છે.

- શ્રી પરેશ બી. સવજાણી
આચાર્યશ્રી

# ગુરુજીની કલમે - ૧




**"શિક્ષક એ નથી કે, જે ભણાવી જાણે પણ શિક્ષક એ કે જે સમજાવી જાણે."**

સામાન્ય રીતે આદર્શ **શિક્ષક** માટે ઘણી બધી વાતો લખવામાં આવે છે. પરંતુ આજે મારે આદર્શ **શિક્ષક** કેવો હોય તેના વિશે મારી વાત રજૂ કરવી છે

આદર્શ શિક્ષક એ છે કે જેને આપણે "IDEAL TEACHER" તરીકે ઓળખતા હોઈએ છીએ, આમ હું "IDEAL" શબ્દ ને મારા પ્રમાણે વિસ્તૃત કરીને સમજાવવા માગું છું.

**I – INTELLIGENT :**

શિક્ષક પોતે બુદ્ધિશાળી હોવો જોઈએ તો જ વિદ્યાર્થીઓ ને પોતાની વિવેક બુદ્ધિથી સારું જ્ઞાન આપી શકે છે.

**D – DEDICATED :**

શિક્ષક પોતે વિદ્યાર્થીઓને ભણાવવા માટે સમર્પિત હોવો જોઈએ. તે પોતે પોતાના કામ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત હોવો જોઈએ.

**E – EMOTIONAL :**

શિક્ષક પોતે ભાવનાત્મક હોવો જોઈએ, તે વિદ્યાર્થીઓની લાગણીઓને સમજી શકે તેવો હોવો જોઈએ. તે વિદ્યાર્થીઓને સરળતાપૂર્વક શૂલભ રહે તેવો હોવો જોઈએ.

**A - AMBITIOUS :**

શિક્ષક મહત્વકાંક્ષી હોવો જોઈએ જેથી તે નવું જ્ઞાન પ્રાપ્ત કરી અને તે જ્ઞાનનું વહન વિદ્યાર્થીઓમાં કરી શકે.

**L – LEARNER :**

શિક્ષક હંમેશા એક વિદ્યાર્થીની જેમ નવું શીખવા માટે તૈયાર રહેતો હોવો જોઈએ.આમ દરેક શિક્ષક હંમેશાને માટે એક વિદ્યાર્થી હોવો જોઈએ.



**શ્રી નિરવ મેહતા**

અધ્યાપકશ્રી,આઇ.ટી. વિભાગ

શ્રી વિ.જે. મોઢા કોલેજ

# ગુરુજીની કલમે - ૨

## "The Word's lead Search Engine- Google

ગુગલ એ માર્કેટમાં પ્રચલિત અને પ્રખ્યાત સર્ચ એન્જીન છે તે , **Sep. 1998** માં વિકસીત થયેલું છે. તેને વિકસાવનારા બે વિદ્યાર્થીઓ હતા. જેમના નામ **Larry Page & Sergy Brin** છે. તેઓનો અભ્યાસ **P.hd California Stanford University** માં ચાલી રહ્યો હતો. તેમના હાલના **CEO - Sundar Pichai** છે.

શું તમે જાણો છો, ગુગલનું નામ કેવી રીતે પડયું? ગુગલના સંશોધકોએ એવું વિચાર્યુ હતુ કે તેઓએ જે પ્રોજેક્ટ બનાવ્યો છે તેનુ નામ અલગ જ હોવું જોઈએ. ત્યારબાદ તેને વિચાર્યુ કે આપણે આ પ્રોજેક્ટનું નામ **GOOGOLE** આપવુ **GOOGOL** એટલે **1GL** પાછળ **100 Zero** લાગે તેને **GOOGOL** કહેવાય છે. પણ જ્યારે Domain name Project ને આપવાનું હતું. ત્યારે **Spelling mistake** થઈ હતી. **GOOGOL** ની જગ્યાએ **GOOGLE** અપાઈ ગયુ હતું એટલે **GOOGLE** નામ જ Final થયું.

ગુગલની સાથે એક બીજી વસ્તુ પણ જોડાયેલ છે, જેનું નામ છે 'ડુડલ'. ખૂબ ઓછા લોકો જાણતા હોય છે, આ ડુડલ બીજું કંઈ નથી પણ ગુગલ જે અમુક સમયે તેના બદલાવે છે. તેને ડુડલ કહેવાય છે. દા.ત. કોઈનો બર્થ ડે હોય કે કોઈ તહેવાર હોય તે ફોટાઓનું લિસ્ટ એટલે કે ડુડલ.

શું તમે જાણો છો, ગુગલમાં તમારી વેબસાઈટ ટોપ લેવલ ઉપર કઈ રીતે લાવી શકો ? કોઈ વ્યકિત સર્ચ કરે તો તમારી પહેલા પેજમાં કઈ રીતે જોઈ શકાય તો તેના માટે **SEO [Search Engine optimization]** થતુ હોય છે. **Google** માં તેના માટે પણ **Team** કામ કરે છે તેમાં પણ બે પ્રકાર છે **Organic (Free)** વેબસાઈટ અને **1** પેયેબલ **(Payable)**. હોય તેમાં સ્ટાર આપેલ હોય અને કલર પણ બદલાયેલ હોય, બીજી એક વસ્તુ કે **SEO** માં **Operators** આવે છે તેમ જે કંઈ પણ **Search** કરાવો છો તેને **SEO** માં આપવાનું જેથી તમને તફાવત જોવા મળશે જેમ કે મારે **Search** કરાવવુ છે. **SEO** તો ખાલી **SEO Search** કરાવશો તો **Result** કરોડોમાં આવશે અને જો તમે **SEO** આ રીતે **Search** કરશો તો હજારો માં **Result** આવશે આ રીતે **+,-,** જેવા ઓપરેટરો છે જેનાથી **Search Result** જે જોઈએ તેના ઓછા સમયમાં અને ઝડપથી **Result** મળે.**SEO stands for search Engine optimization, which is the practice of increasing the quantity and quality of traffic to your website through organic search engine result.**

આપણે જાણીએ છીએ કે, અત્યારના સમયમાં **Google** સૌથી લોકપ્રિય અને જાણીતું છે પણ અમુક દેશમાં ગુગલ પર પ્રતિબંધ છે. જેમાનો એક દેશ છે ચાઈના. ચાઈનામાં ગુગલ પર પ્રતિબંધ છે ત્યાં પોતાનુ Search engine **(baidu)** નો જ ઉપયોગ કરવામાં આવે છે. આવી રીતે ઘણા બધા એવા દેશ છે કે જ્યાં પોતાનું Search engine use થાય છે.ભારતમાં ઘણા બધા **Search engine** છે જેમાનું એક **"Khoj"** Search engine પણ છે. જેને **"Greatest Indian Search Engine"** પણ કહેવાય છે.




**શ્રી જિજ્ઞાસા સાકરીયા**

અધ્યાપકશ્રી,આઇ.ટી. વિભાગ

શ્રી વિ.જે. મોઢા કોલેજ

# અનકોન્સીયસ માઈન્ડ અને પાણી

આ લેખ તાજેતરમાં જાપાનના વૈજ્ઞાનિક દ્વારા પાણી પર કરવામાં આવેલા સફળ પ્રયોગ પર આધારિત છે. આ પ્રયોગમાં પાણીને દુઃખદ ઘટના, સુમધુર સંગીત, બે વ્યક્તિના ઝઘડા વગેરે એમ અલગ અલગ 16 જેટલા સંજોગોમાં રાખવામાં આવેલ અને ત્યાર બાદ પાણી ના સ્ફટિકોની સંરચના તપાસતા તે બધામાં અલગ અલગ હતી. અનકોન્સીયસ માઈન્ડ એટલે શું? રાત્રે સૂતા બાદ સપના આવે, ઘણી વખત શાંત વાતાવરણ હોય, બધું સરખું ચાલતું હોય ત્યારે કશુંક અઘટિત થવાની લાગણી થાય અને ખરેખર એવું થાય, વગેરે લગભગ બધા એ અનુભવ્યું હશે આ કોઈ ચમત્કાર નથી, પરંતુ આજ છે આપણું અનકોન્સીયસ માઈન્ડ (અજાગ્રત મન) જે શરીર સંચાલનનું કોઈ કાર્ય નથી કરતું પરંતુ વિચારો કલ્પના તથા એવું ઘણું બધું કાર્ય કરે છે. દરેક વ્યક્તિ, પછી તે સ્ત્રી હોય પુરુષ હોય કે અન્ય જાતિ ના હોય, બાળક, પુખ્ત કે વૃદ્ધ હોય દરેકમાં અનકોન્સીયસ માઈન્ડ કાર્યરત હોય છે. પ્રેમ, ગુસ્સો, ઈર્ષા, દયા, કરુણા, જોશ અને હિંમત આ બધું આ અનકોન્સીયસ માઈન્ડ માં ઉદ્દભવે છે. સફળ વ્યક્તિની જીવનગાથા તપાસતા જોયું હશે કે તેમના જીવનમાં ખરાબમાં ખરાબ પરિસ્થિતિ હોય અપર્યાપ્ત સાધનો અને ખુબજ ઓછી તકો હોવા છતાં જેમ કોઈ વૃક્ષ ભીત ફાડીને ઊગી નીકળે છે, તેવી રીતે, તે પણ પોતાના જીવનમાં સફળતા મેળવતા હોય છે, આવી હિંમત અને પ્રેરણા તેના અજાગ્રત મનમાં ઉદ્દભવતી હોય છે. આમ અજાગ્રત મન હલન ચલન કે બીજી કોઈ શારીરિક ક્રિયાનું સંચાલન નથી કરતું, પરંતુ વ્યક્તિની ઓળખાણ અને ચરિત્રનું ઘડતર અહીં થાય છે પાણીને પણ મેમરી હોય છે!!

હા, તમે એકદમ બરાબર વાંચ્યું. પાણીને પણ પોતાની મેમરી હોય છે.પાણીનો આ એક અદ્દભુત ગુણધર્મ છે કે તે પોતાની મેમરીમાં ડેટા સ્ટોરેજ કરી શકે છે (એવું પહેલા જાપાનના વૈજ્ઞાનિક કાકા એ સાબિત કર્યું છે.!!) પાણી પોતાની મેમરીમાં અનકોન્સીયસ ડેટાનો સંગ્રહ કરી શકે છે, આ તો બહુજ મજાની વાત થઈ ગઈ. (પણ મને ખબર છે તમે એમ નય માનો અને મન માં વિચારતા હશો કે એવું તે કઈ હોતું હશે.) ચાલો તો તેનો એક પ્રયોગ જાતે કરી લઇએ.આ પ્રયોગ કોઈ સાધનો વડે નથી કરવાનો,પરંતુ જાતે અનુભવ કરવાણે છે, કેમ કે આ પ્રયોગ આપણે આપણાં જ અજાગ્રત મન સાથે કરવાનો છે. મિત્રો, સૌ પ્રથમ દરેક લોકોએ અનુભવ્યું હશે કે કોઈની એકાગ્રતા શક્તિ ઓછી હશે, તો કોઈ વધારે ગુસ્સો કરતું હશે, તો કોઈ વ્યક્તિને કશુંક પ્રકારનો ડર હંમેશા લાગતો હોય. આવા તો ઘણા ગુણો (કે પછી અવગુણો) તમે તમારામાં કે તમારા પરિચીત વ્યક્તિઓમાં જોયા હશે.

આ ગુણો પર તમારા જાગ્રત મનનો કોઈ કન્ટ્રોલ નથી હોતો, તે તો અજાગ્રત મનમાં જ મેનેજ થાય છે, હવે ઉપર ચર્ચા કરી તેમ પાણીની મેમરી (Unconscious Memory) માં ડેટા ફિટ કરી કઇ રીતે આપણે આપણા ઉપરોક્ત ગુણોને મેનેજ કરી શકીએ તે જોઈએ. મીત્રો, કાચના ગ્લાસમાં પીવાનું પાણી લો. હવે તમારે જે ગુણને મેનેજ કરવો છે તેનું કથન પાણીની સામે જોઈ મનમાં બોલો, ઉદાહરણ તરીકે મને ખુબ ગુસ્સો આવતો હોય અને હું તેને કાબુમાં લેવા માટે પાણીના ગ્લાસ સામે જોઈને 3 મિનિટ માટે મનમાં એવું બોલીશ કે, "હું ગુસ્સો નહિ કરું...હું ગુસ્સો નહિ કરું". આવું હું પાણીને ઓર્ડર આપતો હોય એવી ધારણા સાથે બોલીશ. બસ હવે શું! પાણી એ આ EMOTIONS ને પોતાની મેમરીમાં સેવ કરી લીધું. (કેમ કે પાણી નો એ ગુણધર્મ છે) હવે આ પાણીને 5 મિનિટ ઢાંકીને રાખી દો અને પછી પી જાઓ. મિત્રો, માનવ શરીરમાં 70 ટકા ભાગ પાણી (બ્લડ,હોર્મોન્સ વગેરે) થી બનેલો છે. (પૃથ્વી ઉપર પણ 70 ટકા પાણી છે વોટ એ કો ઇનસિડેન્ટ્સ) ને હવે શરીરમાં રહેલ પાણી પણ ઉપરોક્ત ગ્લાસના પાણીના EMOTIONS ને એડોપ્ટ કરી લેશે. બસ આવું એક અઠવાડિયું કરો અને જુઓ જાદુ. તમે તમારી નબળાઇને તમારી તાકતમાં રૂપાંતરિત કરી શકશો. મીત્રો, કદાચ પાણીના આ ગુણધર્મો પર હવે પ્રયોગ થયા એટલે આધારભૂત પુરાવાઓ સાથે આપણે એ બાબત પર વિશ્વાસ કરીએ, પરંતુ સદીઓથી આ બાબત દરેક માનવએ પોતાની સાથે અનુભવેલી છે.



**શ્રી કિશન કોટેચા**
અધ્યાપકશ્રી, વાણિજ્ય વિભાગ
શ્રી વિ.જે. મોઢા કોલેજ

# વિદ્યાર્થીઓનો કલરવ ૧

**મૃત્યુથી જીવન તરફ પાછા ફરવાની સફર એટલે સારા પુસ્તકો**

આજના આ ડિજિટલ યુગમાં લોકો પાસે પુસ્તકો વાંચવાનો સમય નથી. ખાસ કરીને યુવાવર્ગ. સોશિયલ મીડિયા પાછળ કલાકો બગાડનાર યુવાવર્ગ પુસ્તક વાંચવા માટે થોડો પણ સમય કાઢી શકતો નથી. વુડલેન્ડ, સ્પાયકર, એડીડાસ જેવી બ્રાન્ડેડ કંપનીઓની પ્રોડક્ટ્સ ખરીદતાં લોકો એક સારું પુસ્તક ખરીદવાની વાત આવતાં જ ખિસ્સા ફંફોળવા લાગે છે. દર અઠવાડિયે પોતાના પેટનો ખાડો પૂરવા માટે ફાસ્ટ ફૂડનું સેવન કરતાં યુવાનો વિચારોના ખાડાને પૂરવા માટે એક પુસ્તક નથી ખરીદી શકતા. કોઈએ લખ્યું છે કે, વાંચન એટલે મૃત્યુથી જીવન તરફ પાછા ફરવાની સફર. અખબારોમાં લૂંટફાટના અને હત્યાના સમાચાર વાંચવામાં કલાકો બગાડતા લોકો પાસે પોતાના જીવન માટે અમૃત સમાન ગણાય તેવા પુસ્તકો વાંચવાનો જરા પણ સમય નથી. ફેશન મેગેઝીન અને અખબારોની પૂર્તીઓમાં બ્યુટી ટિપ્સ વાંચતી ઘણી યુવતીઓ પુસ્તક વાંચવા માટે પોતાનો સમય આપતી નથી.

એક સારું પુસ્તક સો પાક્કા મિત્રોની ગરજ સારે છે. સામાન્ય લોકો આ પૃથ્વી પર ફક્ત એક જ જીવન જીવે છે, પરંતુ એક વાચક પુસ્તકો દ્વારા હજારો જીવન જીવી શકે છે. તે દરેક ઘટનાને જે તે પરિસ્થિતિમાં પોતાને રાખીને વાંચન કરે છે. વાંચન એ જીવન માટે એક મહત્વની ક્રિયા છે. લોકો પાસે શારીરિક કસરત કરવા માટે જીમ અને હેલ્થ સેન્ટરની ફી ભરવાના પૈસા છે, પણ માનસિક કસરત કરવા માટે પુસ્તકો ખરીદવા તેમને ગમતાં નથી. બેંકના ત્રણ - ચાર એકાઉન્ટ રાખનારા લોકો, હોટ સ્ટાર તેમજ પ્રાઈમના સબસ્ક્રિપ્શન ભરતાં લોકો પાસે લાઇબ્રેરીના એકાઉન્ટ શા માટે નથી હોતાં? પાકીટમાં ક્રેડિટ કાર્ડ હોય, પણ લાઇબ્રેરીનું સભ્ય કાર્ડ ના હોય... આવું કેમ? એક સારું પુસ્તક આપણા વિચાર, આપણી વાણી અને આપણા વર્તનને સુંદર અને શ્રેષ્ઠ બનાવી શકે છે.



શ્રી કિશન દાવડા
B.Com. - 6

# વિદ્યાર્થીઓનો કલરવ - ૨

ज़िन्दगी में ऐसे मोड़ आये

ज़िन्दगी में ऐसे मोड़ आये,
जिस पल कॉलेज के दिन याद आए,
ना कोई फिकर थी, ना कोई प्रेशर,
ना ही ज़िम्मेदारी थी, ना कमाने का टेंशन,
बस था, तो यारो का साथ, प्रोफेसर का ज्ञान,
और कैंटीन के मझे !
असाइनमेंट की अच्छी वाली टेंशन और बस जीने का असली मज़ा।

जिंदगी में ऐसे मोड़ आए,
जिस पल कॉलेज के दिन याद आए |

कभी कभी सोचती हूं, कॉलेज ख़तम ही ना हो,
ना ही लेक्चर्स का एंड आए, ना ही दोस्तों की खट्टी मीठी बातों का,

लेक्चर्स के बीच में यारो से बातें करना,
और प्रोफेसर को थोड़ा थोड़ा परेशान करना,
यारो के बीच वो लड़ाई,
प्यार करने वालो की जुदाई,
छुप छुप कर स्नेक्स खाने का मजा,
और वॉशरूम के बहाने घूमने की इच्छा,
बस ये सफर कभी ख़तम ही ना हो।

जिंदगी में ऐसे मोड़ आए
जिस पल कॉलेज के दिन याद आए

बड़े हो गए तो लगता है जैसे,
ज़िन्दगी तो कॉलेज में ही जी कर आए,
अब तो बस काम का प्रेशर, फैमिली की टेंशन,
और काम.. जो कभी ख़त्म ही नहीं होता।

एक बात कहेना चाहूंगी यारो,
जो पल मिले है कॉलेज के, उसे जी भर के जी लो।
क्योंकि ना ही कॉलेज वापस आएगी, ना ही वो पल...


हां....

जिंदगी में ऐसे मोड़ आए,
जिस पल कॉलेज के दिन याद आए...|



શ્રી નિધિ રૂધાણી
B.Com. - 6

# વિદ્યાર્થીઓનો કલરવ - ૩




*जो ज्ञानरूपी सरिताको बहा जाए,*
*जो भी आपके साये में आये वो सवर जाए,*
*आसमान में रहे तारो सी चमक दे जाए,*
*वो आप ही हो ।*

*गुरु के रूपमे सदैव आपने माता पिता का प्यार दिया है,*
*कभी ना मिल सके वैसा ज्ञान दीया है,*
*बुजते हुए दिपक को इक नइ लौ देने वाले,*
*वो आप ही हो ।*

*है जिस्का ज्ञान समंदर,*
*है जिसके चर्चे हर दर पर,*
*जो बस्ते सदा हमारे दिल के अंदर,*
*वो आप ही हो ।*

*नहीं है आज आप साथ तो क्या हुआ,*
*रहंगे आप सदेव साथ ये एहसास हुआ,*
*करते है आज भी आपको याद हम,*
*करते है खुदा से थोडी फरियाद हम,*
*लेकिन, फ़िर याद आया,*
*ईस जहाँन में इंसानियत और बंदगी सिखानेवाले,*
*वो आप ही हो ।*

*बस यही दुआ करते है हम,*
*बस यही दुआ करते है हम,*
*आप के शिष्य बने रहे हर जनम,*
*आप का नाम रोशन करने की खाली है कसम,*
*कयोकि इक सच्ची राह पर चल कर नया जहान बनाने की*
*सिख देने वाले वो आप ही हो।*
*बस गुरुजी जी वो आप ही हो।*



શ્રી ભક્તિ ખટવાણી
B.Com. - 6

**Whenever I want you,
You be with me....
Whenever I need you,
You be my SHADOW..
Just like stars we are depart
But the Sky
Which makes it believe....
They are together
Forever and Ever,....
Lighting makes us Bright
But
Darkness makes us Wise...
To be yours I must be bright
&
Our relation must be wise...**



શ્રી મિશ્બા ડાંડિયા
BBA - 6

# વિદ્યાર્થીઓનો કલરવ - ૫



શ્રી અભિષેક સૂચક
B.Com. - 6

जिन में तुम थे,

बुरे ही सही पर खास थे वो लम्हे,
अधुरे ही सही पर पूरे थे वो लम्हे,
जिन में तुम,

हर बार भटकते रहे।

चंद लम्हों की खुशियों के लिए,

उस भटक ने में कुछ लम्हे दिल के पास थे,
जिन में तुम थे।

हम तो सबसे लड़ते रहे थे,

मेरे सपने भी बोहोत खास थे,
जिन में तुम थे।

उनकी खुशियों में शामिल हम कहाँ थे!

हम उनके क़ाबिल ना थे,

नफ़रत से दिल और आँखें मेरी भर आई थी,
जब उनकी दी हुई तकलीफ याद आई थी।
वो दिल के घाव भी कितने प्यारे थे।

जिन में तुम थे।
जिन में तुम थे।।

# વિદ્યાર્થીઓનો કલરવ - ૬

## સ્વપ્નને સથવારે

લાગ્યું જાણે કંઈક અધૂરું રહી ગયુ,
આંખની અણીમાં કંઈક ખટકતું રહી ગયુ,
ધબ દઈને ઉભી થઈ, જોયુ તો મારુ સ્વપ્ન અધૂરું રહી ગયુ.

આ તે કઈ દુનિયા છે ? મેં સમજવાનો પ્રયાસ તો કર્યો હતો
પણ સમજણ પડી નહીં, એવુ લાગતુ હતું કે હું ક્યાંક ભૂલી પડી ગઈ છું,
કલરવો કરતા જાત જાતના અવાજો મારા કાન સાથે અથડાવા લાગ્યા, હું ઓળખી ના શકી,
પણ મને બોલાવી રહ્યા હતા, કોઈ પારકા બોલાવે છે તો કોઈ પોતાના, પણ ઓળખાણ નીકળી ના શકી,

અચાનક જ મારી નજર ગુલાબના બાગ પર પડી, હું જોઈને ખૂબ હરખાણી, દોડીને ફૂલો સાથે રમવા લાગી,તો પતંગિયાએ મને ઘેરી લીધી, પતંગિયા મને કંઈક કહેવા જાય એ પહેલા તો મને કોઈએ ખેંચી લીધી.

મેં નજર ઉચકીને જોયું, તો અંધારું છવાઈ ગયું, હું આમ તેમ ફાંફા મારતી રહી, આ શું થયું અચાનક?
હું હતાશા સાથે બેસી ગઈ, કે અંધકારની ઝળહળતી માયામાં મોહાયેલુ અને રોશની કરતું એક પંખ(પીછું) ઉડીને મારા ગાલ પર વાગ્યું.
જરાક હાથમાં લીધું ત્યાં તો ખિલખિલાટ કરતું હસવા લાગ્યું, એને પંપાળતા પંપાળતા એવી તો ભાન ભૂલી કે એ ક્યારે
ઉડી ગયું  ખબર જ ના પડી.

આગળ ચાલતા ચાલતા જરાક હું થંભી ગઈ, મને લાગ્યું કોઈ મારી પાછળ ચાલ્યુ આવે છે, ઘડીભર હું ગભરાઈ ગઈ, અનેક વિચારોના ગડમથલમાં હું ઘેરાઈ ગઈ, હિંમત ભેગી કરી અને પાછળ જોયું તો હું મારા પડછાયાથી જ ડરી ગઈ.

અચંબો લાગતો હતો એ દુનિયા જોઈને, ક્યાંક પંખીઓનો કલરવ હતો,
તો ક્યાંક ઝુલતા ઝાડની ડાળીઓનો સ્પર્શ હતો,
તો  ક્યાંક વહેતા ઝરણાનો ખળખળ થતો મીઠો સ્વર હતો.
ક્યાંક લોકોની અવર–જવરનું પછડાટ હતો,
તો ક્યાંક માટીની   મીઠી સુગંધ હતી, તો કયાંક સંગીતનો સુર હતો..

રંગબેરંગી અને અદ્દભુત દ્રશ્યો જોઈને હું મોહી ગઈ,
નીરખીને એ દુનિયાને માણવા લાગી,
કુદરતે પણ કેવી કરામત કરી છે!!!
શાંતિ અને સુખની અનુભૂતિમાં મન પ્રફુલ્લિત હતુ,
સ્વાર્થનું મોજુ દૂર દૂર સુધી કયાંક ખોવાયેલું હતું...

મસ્તીની મોજમાં, હવાની લહેરમાં હું એવી તો ખોવાણી કે અચાનક જ અજવાળુ દેખાયું,ને બધું સ્તબ્ધ થઈ ગયુ,
જ્યાં મોહક  દુનિયા હતી ત્યાં વેરાન જંગલ દેખાયું, હું એ દુનિયા ગોતવા લાગી,આમતેમ ભટકવા લાગી,
બેબાકળી થઈને જેવી આંખ ખુલી, તો ખબર પડી, એ અનોખી દુનિયા બીજુ કશું નહી,
પણ મારું સ્વપ્ન હતુ, જે અધૂરું રહી ગયું.

મને હજી પણ યાદ છે એ મધુર સ્વપ્નના સથવારે મારી સવાર ખીલી ગઈ હતી.



શ્રી મકવાણા ગીતા

# Mandla Art





શ્રી જાનવી વાઘેલા

BCA - 2

# Pencil Art





શ્રી વિશ્રાંતિ પાંજરી

B.Com. - 6

# Painting






શ્રી જીત મારૂ

B.Com. - 6

# Sketch Art





**શ્રી મનાલી ખુડખુડિયા**

BBA - 6

# Stone Art





શ્રી મીરાલી જોષી
BCA - 4

# Canvas Art





શ્રી જીનીશા સદાણી

BBA - 2

# Sketch Art





શ્રી ભૂમિકા દત્તા

B.Com. - 4

# Sketch Art





શ્રી સૌરભ કોટેચા

B.Com. - 2

# Sketch Art







**શ્રી ચાંદની કોટીયા**

B.Com. - 2

# ગમ્મતનો ગુલાલ




**Hint:**

1. It is an evidence of business transection.
2. it is a person or enterprise, it owes amount against credit purchase.
3. Person who owes amount to the enterprise against sales of goods.
4. Amount owed to business that is written off because it is irrecoverable.
5. It is main source of income for enterprice and it is an exchange of goods or services to customers.
6. Amount owed by the business
7. Reduction in price allowed by the seller of goods after it is sold.
8. It is profit earned during an accounting period.
9. It is cost incurred for generating revenue.
10. It is inflow of stock in business and due to that creditors are generate.




**શ્રી હુઝેફ ડોર**
અધ્યાપકશ્રી, વાણિજ્ય વિભાગ
શ્રી વિ.જે. મોઢા કોલેજ


**Scan To See Answer**

# નિષ્ણાંતોની વાતો - ૦૧

## વ્યાવસાયિક સમાજકાર્ય

દરેક વ્યક્તિના જીવનનો ઉદેશ્ય હંમેશા વિકાસ કરવાનો હોય છે, પરંતુ વિકાસના માર્ગમાં અનેક પ્રકારની જટીલ સમસ્યાઓ આવવાની જ હોય છે. તો કોઈ સમસ્યા સામાજીક, આર્થિક, સાંસ્કુતિક, કૌટુંબીક કે પરીવર્તન સાથે જોડાયેલી હોય છે. આ માટે વ્યક્તિએ ડગલે ને પગલે અલગ અલગ પ્રકારની સેવાઓની આવશ્યકતા હોય છે. આમ વ્યક્તિને તેની સમસ્યાઓનો સંપૂર્ણ અભ્યાસ કરી તેની સહાયતા કરવાનું મહત્વ વધી ગયું છે. સમાજકાર્ય પણ વિવિધ પ્રકારની ઉપલબ્ધ સેવાઓનો વધારે માં વધારે ઉપયોગ કરી વ્યક્તિ, સમૂહ તથા સમુદાયની સમસ્યાઓનું સમાધાન કરે છે.

સમાજકાર્યના શિક્ષણની વાત કરીએ તો વિશ્વમાં સમાજકાર્ય વ્યવસાય અને શિક્ષણની શરૂઆત ઈંગ્લેંડમાં (૧૯૦૮) માં થઈ. તેનો સૌથી વધુ વિકાસ અમેરિકામાં (૧૯૧૯) માં થયો. ત્યારબાદ ભારતમાં ૧૯૩૬માં સર દોરબજી ટાટા ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ સોશિયલવર્કની મુંબઈમાં સ્થાપના થઈ. અને ત્યારબાદ અનેક રાજ્યોમાં શાળા અને કોલેજ માં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ. ગુજરાતમાં ૧૯૫૨માં સમાજકાર્ય શિક્ષણની શરૂઆત થઈ.

સમાજકાર્ય એક વ્યવસાયીક સેવા છે. જેમાં કાર્યકરને વ્યાવસાયીક શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થી કાર્યકરને વર્ગખંડ શિક્ષણની સાથે ક્ષેત્રકાર્ય પણ કરાવવામાં આવે છે. જેથી વિદ્યાર્થી કાર્યકરના જ્ઞાન અને કુશળતામાં વધારો થાય છે. આ માટે વિદ્યાર્થી કાર્યકર્તાઓ વિવિધ પ્રકારની વ્યાવસાયિક શિક્ષણની વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરી સામાજિક સમસ્યાઓના ઉકેલ શોધવામાં મદદ કરે છે. આ ઉપરાંત સમાજ કાર્યકરતાઓ અલગ – અલગ સમયે પરિસ્થિતિને અનુકૂળ વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવે છે.

આ ઉપરાંત વિદ્યાર્થી કાર્યકર્તાઓ આ શિક્ષણ કાર્યમાં ક્ષેત્રકાર્ય દ્વારા પ્રત્યક્ષ અનુભવ મેળવે છે. જેમાં અલગ – અલગ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ, ગ્રામીણ, શહેરી, પછાત વિસ્તાર વગેરેની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પ્રત્યક્ષ અનુભવ મેળવે છે.

આધુનિક સમયમાં સમાજકાર્યનું મહત્વ દિન-પ્રતિદિન વધતું જાય છે. તેમજ તેનો વ્યાપ પણ વધતો જાય છે. આજે દરેક ક્ષેત્રમાં સમાજકાર્યની જરૂરિયાત ઊભી થઈ રહી છે. સમાજમાં રહેલી સમસ્યાઓના સમાધાન માટે સમાજકાર્યકર્તા પોતાના જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરી લોકોની સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે. જે હાલના સમયમાં ખૂબ જ જરૂરી છે.

## Website List :

https://en.wikipedia.org/wiki/Social_worka

http://kcgjournal.org/kcg/wp -content/uploads/MultiDisciplinary/issue13/issue13_Vipul%20ramani.pdf



**શ્રી સંદીપ જોષી**
અધ્યાપકશ્રી,આર્ટ્સ વિભાગ
શ્રી વિ.જે. મોઢા કોલેજ

## Business Management પહેલા જરૂરી છે જીવનમાં Self Management.

આ 21મી સદીના યુગમાં યુવાનોમાં જે એક શબ્દ ગુંજી રહેલો છે તે છે management. લોકો પોતાના ઉજ્જવળ ભવિષ્યના સંદર્ભે પોતાની કારકિર્દી આ ક્ષેત્રમાં આગળ વધારે છે. એવા આપણા ધ્યાનમાં પણ ઘણા બધા અભ્યાસક્રમો છે જે આપણે સારામાં સારૂં માર્ગદર્શન Business Management ને લઈને પૂરું પડે છે અને આવા બધા ઉપયોગલક્ષી અભ્યાસક્રમોની મદદથી ઘણા લોકો આ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવતા પણ જોવા મળે છે.

પરંતુ આજે આ કૉલમ ના મધ્યમથી Business Management ભણાવતા શિક્ષકના વિચારો અહી મૂકવા માગું છું. આ ક્ષેત્ર લગભગ છ વર્ષ થયા, વિદ્યાર્થીઓને Business Managementના પાઠ ભણવું છું તો તે અનુભવથી આજે હું કહેવા માગું છું કે કોઈ પણ યુવાન આજે Management ક્ષેત્રે પોતાની કારકિર્દી બાનવવા માંગતો હોય તો એ લોક માટે સૌથી પહેલો જો કોઈ ખૂબ જ ઉપયોગલક્ષી અને મદદરૂપ કોઈ મુદ્દો હોય તો એ છે Self-Management સારામાં સારી B-School માં પણ આ બાબતને લઈ ને 21મી સદીમાં ઘણું બધુ કામ આગળ વધ્યું છે. એક ધંધાના યોગ્ય સંચાલન માટે સૌથી પહેલા જરૂરી છે Self-Management.

**(સ્વ-વ્યવસ્થાપન)**

તો શું છે આ સ્વ-વ્યવસ્થાપન ?

સ્વ-વ્યવસ્થાપન જેને સ્વનિયંત્રણ અથવા આત્મનિયમન તરીકે પણ ઓળખવામાં આવે છે, જે એક વ્યક્તિને વિવિધ પરિસ્થિતિઓમાં પોતાની લાગણીઓ, વિચારો અને વર્તનને અસરકારક રીતે નિયંત્રિત કરવાની ક્ષમતા આપે છે. આમ જોવા જઈએ તો self-management skill એક વ્યક્તિગત જીવનમાં ખૂબ નાનેથી જ શીખવા અને અનુસરવા જેવી કળા છે. જેની અંદર આપણે જોઈ શકીએ કે આત્મવિશ્વાસ, સ્થિતિસ્થાપકતા, ધૈર્યતા, સમજશક્તિ અને ભાવનાત્મક નિયમોનો સમાવેશ થાય છે. આજના આ સ્પર્ધાત્મક યુગમાં એક મેનેજરને ઘણા બધા પ્રકારના મહત્વના નિર્ણયો લેવાના થાય છે. જેનાથી એ ધંધામાં વૃદ્ધિ અને સ્થિરતા લાવી શકે છે. પરંતુ જો Business Manager ની અંદર આ self management skill નો અભાવ જોવા મળે તો એ ધંધાની વ્યવસ્થાપનમાં મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.

એક ઉદાહરણના ભાગરૂપે જો સમજવા જઈએ તો એક યુવાન નામ હેરી છે, જે શૈક્ષણિક બાબતે ખૂબ હોંશિયાર છે અને એ સારી આવડતને કારણે તેને એક સારી COMPANYની અંદર manager કક્ષાની job પ્રાપ્ત થાય છે. ભણવાના ક્ષેત્રે હોંશિયાર હોવા છતાં એ કાર્યક્ષમ ન હતો. તેની અંદર કામને લઈને સ્ફૂર્તિ, આત્મવિશ્વાસ, ધૈર્યતા, સ્વયંપ્રોત્સાહનનો અભાવ જણાતો હતો. આ નબળાઈના કારણે ટૂંક સમયમાં જ એ પોતાના સાથીદારોમાં જલ્દીથી જ અપ્રિય થઈ ગયો. ભાગ્યે જ સમયે ઓફીસે પહોચવું, Deadlines ચૂકી જવું આવી બધી લાક્ષણિકતાઓ હેરી કામ પર બતાવવા લાગ્યો. શૈક્ષિણક ક્ષેત્રે યોગ્ય લાયકાત ધરાવતો હોવા છતાં હેરી કામમાંથી બહાર થઈ ગયો. હેરી સાથેની આ સમસ્યાનુ કારણ જ્ઞાન અથવા ક્ષમતાનો અભાવ ન હતું. પરંતુ Self Managementનો અભાવ એ જ કામ છૂટવાનુ મુખ્ય કારણ બન્યું. Self Management માં કુશળતા તમને લક્ષ્યો નક્કી કરવામાં અને તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા તરફ માટેના તમારા વિચારો, લાગણીઓ, અને ક્રિયાઓને યોગ્ય દિશામાં આગળ વધારવામાં સક્ષમ બનાવે છે.

**અમુક મહત્વની સેલ્ફ મેનેજમેંટ સ્કિલ્સ ને નીચે મુજબ સમજીએ.**

**[1] Organization [વ્યસ્થાતંત્ર] -**

ઘણા લોકો આ વાતને મહત્વ આપતા ભૂલી જાય છે, પરંતુ Self management પ્રાપ્ત કરવા માટેની એક મહત્વની કળા છે વ્યસ્થાતંત્ર. આયોજન અને વ્યસ્થાતંત્ર વગર નાવિક વગરની નાવને મંજીલ સુધી પહોંચાડવા જેવી વાત છે.

**[2] Goal setting [ધ્યેય નક્કી કરવું] –**

એક વ્યક્તિગત જીવનની અંદર પોતાના માટે અમુક લક્ષ્યો નક્કી કરવા ખૂબ જ જરૂરી છે. લક્ષ્ય વગરની તમારી સફળતા તરફની યાત્રા તમને નિષ્ફળતા તરફ ધકેલે છે. Self managementની અંદર લક્ષ્ય નક્કી કરવું એ પણ ખૂબ મહત્વનું છે.

**[3] Time Management [સમય વ્યસ્થાપન] -**

એક વ્યક્તિ માટે આખા દિવસમાં મર્યાદિત કલાકો જ હોય છે. જેમાં તેણે પોતાના બધા યોગ્ય કાર્યો પૂરા કરવાના હોય છે. યોગ્ય સમયે યોગ્ય કાર્યોનું પૂર્ણ થવું એ self managementનો એક મહત્વનો પાયો છે.

**[4] Self Motivation (સ્વંયમ પ્રોત્સાહન) -**

વ્યક્તિએ પોતાને જીવનમાં આગળ વધારવા માટે એક સમયાંતરે પોતાને ખુદને જ પ્રોત્સાહન આપતું રહેવું પડે છે. હરવખત જરૂરી નથી કે તેમને બહારથી જ ક્યાયથી કોઈપણ કાર્ય કરવા માટે પ્રોત્સાહન મળે. એટલે એક વ્યક્તિના જીવનની અંદર self managementના ભાગ રૂપે સ્વંયમ પ્રોત્સાહન ખૂબ જ મહત્વનુ યોગદાન આપે છે. આવી અનેક Self Management skills એક વ્યકિતના જીવનમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. અને કહી શકીએ કે તમારી પાસે ગમે તેટલી સારી job હોય અથવા તો સારો ધંધો હોય પણ જો self management ની કળા ન હોય તો તમારા લક્ષ્યોનું પ્રાપ્ત થવું એ નહીં બરાબર છે. એટલે આપણે આપણા વ્યકિતગત જીવનની અંદર self management ની કળા, સમયસર શીખી લેવી જરૂરી છે. કોઈ પણ Business management માં કુશળતા મેળવાનો મુખ્ય માર્ગ Self Management છે.

Website List :

https://www.skillsyouneed.com/general/soft-skills.html

https://www.goskills.com/Soft-Skills

https://collegeinfogeek.com/hard-vs-soft-skills/

http://schoolofeducators.com/2009/02/importance-of-soft-skills-development-in-education/



**શ્રી કિશન દત્તાણી**
અધ્યાપકશ્રી, મેનેજમેંટ વિભાગ
શ્રી વિ.જે. મોઢા કોલેજ

# Data Cyber Risk And Cyber Security

આજના આ જમાનામાં જ્યારે મોટા ભાગનાં કામ આપણે ઓનલાઈન કરી આપણું રોજ–બરોજની જીંદગીમાં ઈન્ટરનેટનો ઉપયોગ વધારતા જઈએ છે અને સંપૂર્ણ ઓનલાઈન પેપરલેશ કામગીરી તરફ પ્રયાણ કરી રહ્યા છે ત્યારે એક સવાલ જે આપણા મનમાં જાગે છે કે આપણે આ અંદાજે ૫,૬૦૦ કરોડ ડોલર (અંદાજે 41,417,04000000 રૂપીયા) ની ઈન્ડસ્ટ્રીમાં આપણો ડેટા અથવા આપણી ઓળણ કેટલી સલામત છે? તો ચલો જાણીયે આ ઈન્ટસ્ટ્રીના અમુક જાણવા જેવા તથ્યો તથા આપણી સલામતી માટે આપણે શું કરી શકીશું?

### ડેટા ઈન્ડસ્ટ્રીની તેમજ સાઈબર સીક્યુરીટીઝ રસપ્રદ વાતો...

૧. એક અનુમાન પ્રમાણે માત્રવર્ષ ૨૦૨૦ માં અંદાજે ૪૦ ટ્રીલીયન(40,00,000કરોડ) ગીગાબાઈટ ડેટા ઉત્તપન થવાની સંભાવનાઓ છે, જેમાં સોશીયલ મીડીયામાં થતા ફોટો, વિડીયો તેમજ માણસોની વ્યતીગત માહિતીઓનો જેમકે બેંક ડીટેઈલસ થી મનપસંદ કલર(રંગ) સુંધીનો સમાવેશ થાય છ.
૨. આશ્ચર્ય જનક વાત તો એ છે કે દુનિયામાં થયેલ કુલ ડેટામાં ૯૦ ટકા ડેટા માત્ર છેલ્લા ૨ વર્ષમાં જ નિર્માણ થયેલ છે.
૩. એક અનુમાનથી કુલ મેળવેલ એકત્રિત ડેટામાંથી ૯૯.૫% ડેટાનો કોઈ ઉપયોગ થતોજ નથી.
૪. જો કોઈ એક વ્યક્તિ ઈન્ટરનેટ પરથી તમામ ડેટા ૪૪ એમ.બી.પી.એસ. ની ડાઉન્લોડ સ્પીડ પર થી ડાઉન્લોડ કરવાનો પ્રયત્ન કરે તો તેને સફળ થતા ૧,૮૧,૦૦૦ વર્ષ જેટલો સમય થશે.
૫. સરેરાશ દર ૩૯ સેકેન્ડ પર એક હેકીંગ એટેક થાય છે.
૬. હાલનાં વર્ષ ૨૦૨૦માં અંદાજે ૨૦,૦૦૦ કરોડ ડીવાઈસીસ જોડાયેલ હશે.
૭. ૯૫% સાયબર સીક્યુરીટીઝને ભંગ થવામાં અંતે મનુષ્યની ભુલ નીકળે છે જે સોફટવેર કોડીગ (બનાવવા સમયે) અથવા ટેસ્ટીગ દરમ્યાન રહેલી હોય છે.

## વિવિધ પ્રકારના સાઈબર રિસ્કસ અને તેને બચવા માટે લેવાતા સાઈબર સીક્યુરીટીઝ ઉપાયોગ

### ૧. Phishing/ફિશીગ

"સર હું આપની બેંક તરફથી બોલુ છું, આપનું એ.ટી.એમ. કાર્ડ બ્લોક થઈ ચુકેલ છે, આપતેને રી–એકટીવેટ કરાવવા માગતા હોયતો કાર્ડનો ૧૬ આકડાનો નંબર, એકસપાઈરી ડેટ તેમજ સી.વી.વી. નંબર આપો એટલે એકટીવેશન ઓ.ટી.પી. આવશે જે આપશો એટલે આપનું
કાર્ડ એકટીવેટ થશે."

આ પ્રકારનો કોલ તમને અથવા તમારા ઓળખાણમાં કોઈ વ્યકિતને જીવનમાં એક વાર તો આવેલ જ હશે. આ પ્રકારના ફોન, ઈમેઈલ અથવા વેબ સાઈટ ફિશીગ તરીકે ઓળખાય છે, જે ડેટાહેકીગ માટે તેમજ વ્યકિતની માહિતી મેળવવા માટે એક વિખ્યાત રીત છે, કોઈ સારી કંપનીના નામઅથવા કોઈ બેંક ના નામથી કોઈ વ્યકિત તમારી પાસેથી કોઈ માહિતી માંગે તો આપ ભરોસો કરી તેને તે માહિતી આપી દો છો જેની કારણે તે માહિતીનો ગેર ઉપયોગ થતો હોય છે.... આ ઉપરાંત ફિશીગમાં ઘણા સમયે આપને મોટી રકમની લોટ્રી લાગવાનો દાવો કરી ધીમે ધીમે આપની માહિતી મેળવી અને આપની પાસેથી ટોકનના રૂપે પૈસા લેવામાં આવે છે

#### ફિશીગથી બચવા માટેના ઉપાયો

૧. કોઈ પણ અજાણ્યા કોલ પર માંગવામાં આવતી ગોપનિય માહિતી જેમ કે ઓ.ટી.પી.(OTP), પાસવર્ડ આપવા નહી કે પછી વેબસાઈટ કે પેમેન્ટ લિંક પર કલીક કરવુ નહી.
૨. આપના કાર્ડની વિગત તેમજ પાસવર્ડ માત્ર પોતા પૂર્તો રાખી કોઈની સાથે શેર કરવો નહી.
૩. ઈ–મેઈલ માં આવેલી અજાણી વેબસાઈટ પર પોતાના યુઝરનેમ–પાસવર્ડ નો ઉપયોગ કરી લોગ–ઈન કરવું નહી.
૪. કોઈ પણ વેબસાઈટ માથી ઓનલાઈન ખરીદી કરતા પહેલા https વેબસાઈટ છે કે નહી તે તપાસવું, હવે મોટા ભાગના બ્રાઉઝર પર તે એક લોક (તાળા) દ્વારા દર્શાવવામાં આવે છે.
૫. કોઈ પણ લોટ્રી કે લાલચમાં ભાગ લેવો નહી.

જો આપ ફિશીગનો શિકાર થયેલ હોય તો

૧. જો કોઈ પણ સમયે આપના ખાતામાથી અણધાર્યા રૂપિયા ઉપડાયેલ જણાય તો તુરંત આપ બેંક કસ્ટમર કેર અથવા બેંકનો સંર્પક કરી કાર્ડ બ્લોક કરાવી શકો છો.
૨. જો આપે કોઈ વેબસાઈટમાં ભુલથી પોતાનો લોગ–ઈન કરી ચુકયા હોય તો તુરંત આપનો પાસવર્ડ બદલી નાખવો.
૩. આપના કાર્ડની વિગત જો કોઈની પાસે ગયેલી હોય તો આપ બેંક પાસે જૂના કાર્ડની જગા પર નવું ક)ર્ડ મેળવી લેવું.

### ૨. Internet Based Attacks/ ઈન્ટરનેટ બેઝડ એટેક

ઈન્ટરનેટ બેઝડ એટેક આપના કોમ્પ્યુટર / મોબાઈલ ફોન / ટેબલેટમાં થતા ઈન્ટરનેટ પરથી આપનો ડેટા મેળવવાની એક રીત છે, આ એટેક દ્વારા કોઈ પણ એપ્લિકેશન માં રહેલી બગ(ભુલ) નો ફાયદો લઈ અથવા સ્પાયવેર વાયરસને આપના ડીવાઈઝમાં એન્ટર કરી અને ડેટા મેળવે છે, આ એટેક **Internet of Things** એટેક તરીકે પણ ઓળખાય છે

ઈન્ટરનેટ બેઝડ એટેકથી બચવા માટેના ઉપાયો
૧. ફાયરવોલ તેમજ એન્ટીવાયરસ પ્રોગ્રામનો ઉપયોગ કરવો.
૨. એપ્લીકેશનમાં આવતા તમામ અપડેટ નિયમીત સમયે કરતા રહેવું
૩. અગત્યની ફાઈલનું બેકઅપ રાખવું.
જો આપ ઈન્ટરનેટ બેઝડ એટેકનો શીકાર થયેલ હોય તો
જો કોઈ પણ આપને અનુભુતી થાય છે કે આપ આ પ્રકારના એટેક નો શિકાર થયેલ છો તો આપ તુરંત કોમ્પ્યુટર / ડીવાઝને એન્ટીવાયરસ પ્રોગામથી સ્કેન કરાવી શકો છો અથવા જરૂરીયાત લાગે તો ફોર્મેટ કરી શકો

### ૩. Ransomware/રેન્સમવેર

રેનસમવેર એક એવા પ્રકારનો કોમ્પ્યુટરની ફાઈલ પર એટેક છે જેમાં આપના કોમ્પ્યુટરમાં રહેલી તમામ ડોક્યુમેન્ટસ અથવા કોઈ એક પ્રકારની ફાઈલ ઈન્ક્રીપ્ટ થાય છે, તેને પાછી ઉપયોગ થઈ શકે તેવી બનાવવા માટે તેની ડીક્રીપ્ટ કરવા માટે હેકર મોટી રકમ વસુલે છે, આ પ્રકારનો એટેક એ વર્ષ ૨૦૧૮–૨૦૧૯ દરમિયાન ૧.૨૩ કરોડ કોમ્પ્યુટરને અસર કરી ચુક્યુ છે...
રેન્સમવેર બચવા માટેના ઉપાયો
૧. ફાયરવોલ તેમજ એન્ટીવાયરસ પ્રોગ્રામનો ઉપયોગ કરવો.
૨. કોમ્પ્યુટરમાં આવતી અજાણી લીક / વેબસાઈટ પર કલીક કરવું નહી.
૩. અગત્યની ફાઈલનું બેકઅપ રાખવું.
જો આપ રેન્સમવેરનો શીકાર થયેલ હોય તો
હાલ પૂરતું રેન્સમવેરની ઈન્ક્રીપ્ટ ફાઈલ ડીક્રીપ્ટ કરવાનું મુશકેલ છે માટે રેન્સમવેર થી બચવું તે પહેલું પગલું છે અને બને ત્યા સુધી એકક્ષટરનલ હાર્ડ ડ્રાઈવ / પેન ડ્રાઈવ માં બેકઅપ લેતું રહેવું જેથી ફાઈલ ઉડી જવાના સમયે બેકઅપ ફાઈલને રીસ્ટોર કરી શકાય.
અન્ય એટકો તથા તેનો પરીચય

### ૪. DDoS એટેક

Distributed denial ofservice એટેકમાં યુઝર / વેબસાઈટમાં રહેલી કેપેસીટીને ખત્મ કરી નાખે તેટલા ફોર્ષ થી તેના તર એટેક કરવામાં આવે છે.

### ૫. SQL Injection

આ પ્રકારનાં એટેકમાં યુઝરનાં પાસવર્ડ વિના તેના એકાઉન્ટમાં લોગ ઈન કરવામાં આવે છે.

### ૬. Brute-Force Password એટેક

આ પ્રકારનાં એટેકમાં યુઝરનાં યુઝરનેમને અલગ–અલગ પાસવર્ડ એન્ટર કરી લોગીન નો પ્રયત્ન કરવામાં આવે છે.

### ૭. Malwareએટેક

આ પ્રકારનાં એટેકમાં યુઝરનાં કોમ્પ્યુટરમાં વિવિધ પ્રકારના વાયરસ પસાર કરવામાં આવે છે જેમ કે Macro viruses, File infectors, System or boot-record infectors, Polymorphic viruses, Stealth viruses,Trojans, Logic bombs, Worms, Droppers, Adware, Spyware આ તમામ વાયરસ અલગ–અલગ લક્ષણ ધરાવે છે તેમજ અલગ–અલગ નુકશાન કરે છે.

ડિજીટલ દુનિયાના સથવારે
આઈ.ટી. ને લગતી તથા તે શીખવા માટે ઘણી ઉપયોગી થાય તેવી વેબસાઈટ જે નીચે મુજબ છે.
https://www.statista.com/statistics/254266/global-big-data-market-forecast
https://techjury.net/stats-about/big-data-statistics/#gref
https://hostingtribunal.com/blog/big-data-stats/#gref
https://www.cybintsolutions.com/cyber-security-facts-stats/
https://www.compuquip.com/blog/4-cybersecurity-threats-to-watch-out-for-in-2018
https://blog.netwrix.com/2018/05/15/top-10-most-common-types-of-cyber-attacks/#Password%20attack

### ઉપસંહાર

પોતાની સુરક્ષા માટે બને ત્યાં સુધી અગત્યની ફાઈલનું બેકઅપ રાખવું તેમજ એન્ટીવાયરસ પ્રોગ્રામનો ઉપયોગ કરવો, તદ્ ઉપરાંત તમામ એપ અપડેટેડ રાખવા જોઈએ. અજાણયા કોઈ કોલ, ઈમેઈલ કે લાભ મેળવવાની લાલચમં પળવું નહી અને જો આપ કોઈ પણ સાઈબર એટેકનો શિકાર થયેલ હોય તો આપ ઈન્ફોરમેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ નો ઉપયોગ કરી યોગ્ય પૂરાવાઓ સાથે પોલીસ એફ. આઈ. આર. પણ કરાવી શકો છો.



શ્રી કૃણાલ મદલાણી
અધ્યાપકશ્રી, આઇ.ટી. વિભાગ
શ્રી વિ.જે. મોઢા કોલેજ

# નિષ્ણાંતોની વાતો - ૦૪

## Science

ચાલો ને એક અદભૂત દુનિયાનો નજારો જોઈએ, જ્યાં આપની વિચારસરણી પૂરી થાય ને, ત્યાંથી જેની શરૂઆત થાય અને આ વિજ્ઞાન આજે દિવસે અને દિવસે જે રીતે જરૂરીયાત વધી રહી છે અને જે રીતે સુખ - સગવડો માટેના સાધનોનો વિકાસ થઈ રહયો છે, એ બધામાં વિજ્ઞાનનો ફાળો ખૂબ જ મહત્વનો છે, પછી ભલે ને એ કોઈ વસ્તુ બનાવવાથી લઈને હોય કે મંગળ ગ્રહ પર મોકલેલ ચન્દ્રયાન-2 સુધી, બધે વિજ્ઞાનનું યોગદાન મોખરે રહયું છે. અરે આ તો બહુ મોટી વાત થઈ ગઈ, પણ તમે તમારી રોજબરોજની જિંદગીમાં નજર કરો તો સવારે ઉઠો ત્યારથી લઈને રાત્રે સૂવો ત્યાર સુધીમાં દરેક વસ્તુ તમારી વિજ્ઞાન સાથે જ સંકળાયેલી છે, ત્યારે તો કહેવાય છે No Need anything, But Science is Everything.

તાજેતરમાં જ જોઈએ તો સમગ્ર વિશ્વમાં જે મુશ્કેલી વ્યાપી છે એટલે કે કોરોનાનો કહેર જે રીતે ફેલાઈ રહો છે, અનેક મુશ્કેલીઓ એક સાથે ઝઝૂમી ઉઠી હતી ત્યારે જો કોઈ આશાની પહેલી કિરણ આવી હતી તે વિજ્ઞાનએ બતાવી હતી. જે સેનેટાઇઝરના ઉપયોગથી વાઇરસથી બચી શકાય, સેનેટાઇઝર વાયરસને મહંદ અંશે નાબૂદ કરવામાં સફળ નિવડ્યું હતું. સેનેટાઇઝર ત્યારે આપના માટે અમર જડીબુટ્ટી સાબિત થયું. ત્યારે જે આપણને આપવામાં આવી હતી તે બધી દેન વિજ્ઞાનની જ હતી અને ખૂબ જ જરૂરી આ કોરોના વેકસીન, આ તો આપણા વૈજ્ઞાનિકો દ્વારા આપણે ને મળેલ નવજીવન કહી શકાય. જે રીતે આપના દેશની pharmaceutical company રાત અને દિવસ મહેનત કરી વિજ્ઞાનના દરેક તર્ક-વિતર્ક ને જોઈ જે વેક્સિન તૈયાર કરી એ ખૂબ જ સન્માનને પાત્ર છે.

તો મિત્રો, વિજ્ઞાન વગર આપણા મતે કઈ પણ વિચારવું વ્યર્થ છે. ડગલે ને પગલે વિજ્ઞાનનો સહારો લેવો જ પડશે. વિજ્ઞાન જ છે, જે આજે એક દેશને બીજા દેશ સાથે સ્પર્ધા કરવી રહ્યું છે. તો આપણે પણ દરરોજ થતાં નવા સંશોધનો વિષે જાણતા અને સમજતા રહીએ.

વિજ્ઞાનને લગતી તથા તે શીખવા માટે ઘણી ઉપયોગી છે તેવી વેબસાઇટ નીચે મુજબ છે.

http://www.swayam.gov.in

https://www.livescience.com/61995-best-science-websites.html

https://www.jagranjosh.com/general-knowledge/general-science-a-complete-study-material-1465217638-1

https://www.sciencenews.org/

https://www.sciencemag.org/



**શ્રી નેહલ થાનકી**
અધ્યાપકશ્રી, વિજ્ઞાન વિભાગ
શ્રી વિ.જે. મોઢા કોલેજ

# કોલેજની મુખ્ય પ્રવૃતિઓ

## સ્વાતંત્ર્ય દિવસની હોંશભેર ઉજવણી



પોરબંદરની નામાંકિત સંસ્થા શ્રી વી. જે. મોઢા કોલેજમાં 74માં સ્વાતંત્ર્ય દિવસની હોંશભેર તથા સરકારની માર્ગદર્શિકાનું પાલન કરીને ઉજવણી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય દિવસ પર્વ નિમિતે સ્વત્રંત સેનાનીઓના શહાદત અને બહાદુરીને યાદ કરી તેમના દ્વારા દેશ ઘડતરમાં આપેલ અમૂલ્ય યોગદાનમાંથી સૌ સ્ટાફએ પ્રેરણા મેળવી હતી. આ પ્રસંગે શ્રી વી. જે. મોઢા કોલેજ દ્વારા આયોજિત ઓપન પોરબંદર INDEPENDENCE DAY TALENT CARNIVAL - 2020 સ્પર્ધાના વિજેતાઓને ઇનામ આપી તેમના ઉત્સાહમાં વધારો કરવામા અવ્યો હતો.


## પ્રજાસતાક દિવસની ભવ્ય ઉજવણી



પોરબંદરની નામાંકિત સંસ્થા શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ આઈ.ટી.માંઆપણાં દેશના ૭૨માં પ્રજાસતાક દિવસની હોંશભેર ઉજવણી કરવામાંઆવી હતી.સમગ્ર કાર્યક્રમ દ્વારા સૌ સ્ટાફ મિત્રો અને પધારેલા વિદ્યાર્થીઓએ કોવિડ-૧૯ ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કર્યું હતું. આ પ્રસંગે કોલેજ દ્વારા શ્રી સ્વામી વિવેકાનંદજીની ૧૨૫ મી જન્મજયંતિ નિમિતે "યુવા દિવસ ૨૦૨૧" નું સુંદર આયોજન કરવામાં આવેલ હતું જેમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરેલ હતું, જેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને પ્રજાસતાક પર્વ નિમિતે કોલેજના પટાંગણમાં સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું.


# કોલેજની મુખ્ય પ્રવૃતિઓ

## "Virtual Presentation Activity" નું વિશિષ્ટ અને નવતર આયોજન




હાલનો સમય ટેક્નોલોજીના યુગ તરીકે ઉભરી રહ્યો છે. આ સમયમાં વિવિધ કળા/આવડત જેમ કે, સ્વયં-શિક્ષણ, વિષયનું ઊંડાણપૂર્વક જ્ઞાન, વાતચીતની કળા વગેરે હોવી ખુબ જરૂરી છે.આ બાબતને ધ્યાને લઇ શ્રી વી. જે. મોઢા કોલેજ દ્વારા વિદ્યાર્થીના વિકાસ માટે એક વિશિષ્ટ અને નવતર શરૂઆત કરવામાં આવી. બી. કોમ. સેમ.-5ના વિદ્યાર્થીઓ માટે 'Virtual Presentation Activity'નું આયોજન પ્રાધ્યાપક શ્રી વિરલભાઈ ચાવડાનામાર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યુ.વિદ્યાર્થીઓએ ખૂબ જ સારા પાવર પોઈન્ટ દ્વારા પોતાના presentation ની રજૂઆત વિવિધ મુદ્દાઓ પર કરેલ હતી.

## E- Science Exhibitionનુ નવતર અયોજન




પોરબંદરની નામાંકિત અને શૈક્ષણિક ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહેતી શ્રી વી. જે. મોઢા કોલેજ દ્વારા સમગ્ર પોરબંદર શહેર તથા જિલ્લાનાધોરણ ૧૧અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને તેમનાં અભ્યાસના મુખ્ય વિષયો જેવા કે ફીજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, ગણિત જેવા વિષયોના પ્રાયોગિક જ્ઞાન અને પ્રયોગોની ઊંડાણપૂર્વક માહિતી મેળવે તેવા હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ScienceExhibitionનું આયોજન કરવામાં આવે હતુ. પરંતુ હાલમાં કોરોના મહામારીના પગલે ભૌતિક રીતે આ પ્રકારનું આયોજન શક્ય ન હોય, તેથી તેની અવેજીમાં નવતર પ્રયોગના ભાગરૂપે ઓનલાઈન E-Science Exhibition નું સુંદર આયોજન કરેલ, જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો અને દરેક વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા સર્ટિફિકેટ આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવેલ.

# પ્રવૃતારોહણ

16-07-2020

**1** Google Form ના ઉપયોગ માટે વિડિયો કોન્ફરન્સ દ્વારા વેબિનાર

**Online Education** ના માધ્યમમાં પણ વિદ્યાર્થીઓને પોતાનું શ્રેષ્ઠ આપી તેની શક્તિઓને નિખારે. આ જ કાર્ય વધારેને વધારે સારી રીતે થઈ શકે તેવા માટે **Google Form** માં દરેક **Stream** માં જે તે યુનિટ પ્રમાણે તેમજ ચોક્કસ સમયાંતરે **"Online MCQ Exam"** નું આયોજન થાય જ છે. જે વિદ્યાર્થી આવી રીતે **online exam** આપે પછી તેને પોતાનું પરિણામ દર્શાવતું **"Score Card"** એક **E-Certificate** દ્વારા તેમના જ **e-mail** માં આપોઆપ અને તરત જ મળી જાય તો તેઓનો ઉત્સાહ વધે. આ બાબતે સ્ટાફને અવગત કરાવવા માટે તેમજ તેને લગતા ટેકનિકલ મુદાઓ સમજાવવા માટે કોલેજ દ્વારા તેના માટે એક વિડિયો કોન્ફરન્સ દ્વારા વેબિનાર રાખવામા આવેલો હતો.

24-07-2020

**2** Career Awareness Program વેબીનારનું આયોજન

પોરબંદર શહેર અને જિલ્લાના વિદ્યાર્થીઓને ઘર આંગણે જ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સી. એસ. (કંપની સેક્રેટરી) નોકોર્સ કરી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત, ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા **(ICSI)** એ શ્રી વી. જે. મોઢા કોલેજ,પોરબંદર ખાતે તેમના ઑથોરાઈઝ્ડ સ્ટડી સેંટરની સ્થાપના કરી છે. આ માટે શ્રી વી. જે. મોઢા કોલેજ અને ICSIના રાજકોટ ચેપ્ટર દ્વારાકરીયર અવેરનેસ પ્રોગ્રામનું આયોજન વેબીનાર દ્વારા કરવામાં આવ્યું હતું.

06-08-2020

**3** ઇન્વેસ્ટર અવેરનેસ વેબીનાર નું આયોજન

પોરબંદર શહેર અને જિલ્લાના વિદ્યાર્થીઓ આ **lockdown** ના સમયમાં પણ ઘર રહીને પોતાના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારતા રહે તેવા ઉમદા હેતુથી પોરબંદરની નામાંકિત શ્રીવી. જે. મોઢા કોલેજ અને **SEBI** - સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ઇન્વેસ્ટર અવેરનેસ વેબીનારનું આયોજન કરવામાં આવેલું હતું.

15-08-2020

**4** સ્વાતંત્ર્ય દિવસની હોંશભેર ઉજવણી

**74** માં સ્વાતંત્ર્ય દિવસની હોંશભેર તથા સરકારની માર્ગદર્શિકાનું પાલન કરીને ઉજવણી કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય દિવસ પર્વ નિમિતે સ્વત્રંત સેનાનીઓના શહાદત અને બહાદુરીને યાદ કરી તેમના દ્વારા દેશ ઘડતરમાં આપેલ અમૂલ્ય યોગદાનમાંથી સૌ સ્ટાફએ પ્રેરણા મેળવી હતી.

29-08-2020

**5** Banking Services & Online Fraud Prevention Awareness વિષય પર વેબીનારનું આયોજન

વિદ્યાર્થીઓને બેંકની વિવિધ સેવાઓ અને ઓન-લાઇન ફ્રોડ અટકાવવા અંગેની જાગરુકતા લાવવા માટે શ્રી વી. જે. મોઢા કોલેજ, પોરબંદર દ્વારાવેબીનારનુ આયોજન કરવામાં આવ્યું હતું.

09-09-2020

**6** શિક્ષક દિનની અનોખી ઉજવણી

આ વખતે કોરોના મહામારીની મર્યાદાને લીધે આવી પડેલ આફતને અવસરમાં પલટી નાખવાં એક નવી જ રીતે ઉજવણી થયેલ. **Online Lecture** માં શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીઓએ **Online** માધ્યમનો ઉપયોગ કરીને ઉજવણી કરી હતી. અને આ પવિત્ર દિવસને વધારે યાદગાર બાનવવા અને સૌ ગુરૂજનોને તેમના શ્રમ-યજ્ઞના અદભૂત કામ બદલ પ્રોત્સાહિત કરવા એક સ્મૃતિચિન્હરૂપ ભેટ આપવામાં આવી હતી. માત્ર શિક્ષકો જ નહીં, દરેક સ્ટાફ મિત્રોનું "ટીમ વર્ક" સાથે મળીને સારામાં સારું કાર્ય કરી શકે તેવું માનતી આ સંસ્થાએ નોન-ટીચિંગ સ્ટાફ મિત્રોનું પણ તે જ પ્રમાણે અને તેટલા જ સન્માન સાથે અભિવાદન કરેલું.

19-09-2020

**7** "Virtual Presentation Activity"નું વિશિષ્ટ અને નવતર આયોજન

ઓનલાઇન શિક્ષણના સમયમાં વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી જ ટેક્નોલોજી (મોબાઇલ, કોમ્પ્યુટર) નો ખુબ સારો ઉપયોગ કરી, પાવર-પોઇંટ પ્રેઝન્ટેશન તૈયાર કરી, વરચ્યુલ પ્રેઝન્ટેશન આપવામા અવ્યા હતા.

**26-01-2021**

**8** પ્રજાસતાક દિવસ ની કરી ભવ્ય ઉજવણી

૭૨ માં પ્રજાસતાક દિવસની હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી.અને આ ભવ્ય દિવસની વિશેષતા વિષે માહિતગાર કરી અને રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.

**10-02-2021**

**9** રાષ્ટ્રીય માર્ગ સીબીર અંગેના સેમીનારનું આયોજન

શ્રી વી. જે. મોઢા કોલેજ તથા પોરબંદર જિલ્લા **RTO** વિભાગના સંયુક્ત ઉપક્રમે "૩૨ માં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૧" ની ઉજવણી કરવામાં આવેલી હતી. વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગેની માહિતી મળી રહે તે મુખ્ય હેતુ માટે આ સીબીરનું સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવેલ

**21-02-2021**

**10** રાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી

માતૃભાષાને બચાવવાની લાગણી સાથે માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રવૃતિ જેવી કે ચિત્રકુતિ, લોકગીતો, સાહિત્યકારોનો પરિચય અને માતૃભાષાના મહત્વ પર જુથ ચર્ચા કરી ઉજવણી કરી હતી.

**22-02-2021 To 27-02-2021**

**11** **Online Science Exhibition-2021** નું સફળતાપૂર્વક આયોજન

વિદ્યાર્થીઓનાં પ્રાયોગિક જ્ઞાનમાં વધારો થયો, સાથે સાથે તેઓને વિજ્ઞાનના અદ્વિતીય જ્ઞાનનો અનુભવ થાય તે હેતુથી, છ દિવસના બિલકુલ **Free** (નિ:શુલ્ક) **Online Science Exhibition-2021**આયોજન કરવામા આવેલ જેમા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

**27-02-2021**

**12** યુ.જી. અને પી. જી. ના વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વેબીનાર નું આયોજન

ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓના વિકાસ માટે એક દિવસીય ઓનલાઈન સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના જાણીતા ઓરેટર, મોટીવેશનલ સ્પીકર અને ટ્રેનર શ્રી યુસૂફ ગિરાચ દ્વારા પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દાઓ વિષે સમજ આપી હતી.

**20-03-2021**

**13** વિશ્વ ચકલી દિવસ ઉજવણી

શ્રી વી. જે. મોઢા કોલેજ અને બર્ડ્સ કંન્જર્વેશન સોસાયટી દ્વારા સ્યુકત રીતે વિશ્વ ચકલી દિવસ ઉજવણી કરવામા આવી હતી, જેમા પ્રકુતિની થઈ રહેલ હાની કઇ રીતે અટકાવી તેનૂ માર્ગદર્શન આપી અને પર્યાવરણનૂ રક્ષણ કરવા વિધાર્થિઓને આપિલ કરવામા આવી હતીસાથે સાથે બર્ડ્સ કંન્જર્વેશન સોસાયટી દ્વારા વિધ્યાથીઓને ચકલીના માળા અને માટીના કુંડા આપવામા આવ્યા હતા.

**16-04-2021**

**14** **A webinar on Thalassemia** Awareness નુ આયોજન

શ્રી વિ.જે.મોઢા કોલેજ અને આશા ચિલ્ડ્રન હોસ્પિટલના ઉપક્રમે થેલેસેમિયા પીડિત બાળકોને મદદરૂપ થવા માટે એક સુંદર વેબીનારનું આયોજન કરવામાં આવેલ હતું.આ વેબિનરના મુખ્યપ્રવક્તા તરીકે આશા ચિલ્ડ્રન હોસ્પિટલના પી.આર.ઓ. એવા શ્રી દક્ષભાઈ મોઢવાડીયાએ વિદ્યાર્થીઓને થેલેસેમિયા શું છે? તે કઈ રીતે થાય છે? તેનો રિપોર્ટ શા માટે કરાવવો જરૂરી છે, તેમજ તેને અટકાવવા માટે કયાં પ્રકારના પગલાં લેવા જોઈએ વગેરે જેવા ખૂબ જ મહત્વના મુદ્દાઓ પર ખૂબ ઊંડાણપૂર્વક માહિતી આપેલ હતી.

**30-05-2021**

**15** **A webinar on Corona Awareness**

શ્રી વિ.જે.મોઢા કોલેજ દ્વારા કોરોના અને મ્યુકરમાયકોસિસ મહામારી અંગેની જાગૃતિ ફેલાય તે હેતુથી એક વેબિનરનું આયોજન કરવામાં આવેલ હતું. આ વેબીનારમાં મુખ્ય પ્રવકતા તરીકે ડો. જનાર્દન જોશી તથા ડો. આકાશ રાજશાખા હતા. તેમણે મહામારી અંગે ખૂબ ઊંડાણપૂર્વક જ્ઞાન આપેલ તેમજ વેબીનારના અંતે વિદ્યાર્થીઓને મુંજવતા તમામ પ્રશ્નોનું નિરાકરણ પણ કરેલ હતું.

# કોલેજનું ગૌરવ (૨૦૧૯-૨૦૨૦)



Bapodra Bhavik Ashok
BCA - 6



Parmar PoojabenBhotabhai
PGDCA - 2



Joshi Shivani Mohanlal
B.Sc. - 6



Thanki Kishankumar Mansukhbhai
M.Sc IT - 4



Sheth Druvi Nareshkumar
BBA - 6



Bhavani Nishaben Shreechandbhai
M.Com - Eng - 4



Vara Riya Maheshbhai
B.Com. - 6



Gauswami Rekha Rameshbhai
M.Com - Guj - 4



Sadiya Vanraj Keshubhai
BSW - 6



Giri Akash Anandkumar
M.Sc Chem - 4



Odedra Jayaben Jaymalji
BCA - 5



Vara Aditi Dineshbhai
B.Com. Eng - 5



Khunti Keshubhai Rambhai
B.Sc - 5



Jethva Aarati Mahendrabhai
B.Com. Guj - 5



Dattani Ami Dineshbhai
BBA - 5



Shukla Sweta Dushyantbhai
BSW - 5

# કોલેજનું ગૌરવ (૨૦૧૯-૨૦૨૦)



Rughani Vidhi Narendra
BCA - 3



Modhwadiya Labhu Ranmalbhai
BSW - 3



Todarmal Khushi Harish
B.Sc - 3



Zalavadiya Merry Satish
M.Sc - IT - 3



Modha Siddharth Ashokbhai
BBA - 3



Makwana Nisha Manojkumar
M.Com. - 3 ENG



Panjari Digisha Dhanji
B.Com. Eng - 3



Thanki Deep Naranji
MCom - 3 Guj



Sadiya Devarshi Madhabhai
B.Com. Guj - 3



Thanki Madhveeben Sanjaybhai
M.Sc Chme - 3

## SHRI V. J. MODHA COLLEGE OF IT


: **“VIDHYADHAM”, Near Pakshi Abhiyaran,**
**Chhaya-Birla Road, Porbandar - 360575**

: **9978818009**

: **www.shrivjmodhacollege.com**

: **shrivjmodha@gmail.com**

: **9978818009**

**/vjmodhacollege**